C|281

# પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ
## વિધુત વિભાગ
## ગાંધીનગર

**કામનું નામ :– વિવિધ જીલ્લાઓ મા વીજળી કરણના વાર્ષિક ભાવકરણના કામ બાબત.**

નીચેના અગત્યના મુદાઓ ધ્યાને રાખવા –

(૧) સદર કામના બીલનું ચુકવણું કરારખત મુજબ કરવામાં આવશે.

(૨) આ ભાવો મુખ્ય વર્ક ઓર્ડર આપ્યાથી એક વર્ષ માટેના રહેશે. તેમજ જે તે જીલ્લાઓમાં સ્પેશીયલ રીપેરીંગને લગત તમામ કામો તથા મૂળ કામો હાથ ધરવાના થશે. આ વાર્ષિક ભાવ કરાર હેઠળ મહત્તમ રૂપિયા એક કરોડના કામો એનાયત થઈ શકશે.

(૩) ઉપરોકત ભરેલ ભાવોથી કામના નામમાં દર્શાવેલ જીલ્લામાં કે શહેરમાં જે સ્થળે કામ દર્શાવે તે પ્રમાણે અને તેટલા જથ્થામાં તે સ્થળે એક વર્ષ સુધી કામ કરી આપવાનું રહેશે. જે તે સ્થળના કામ માટેની સમય મર્યાદા અલગથી આપવામાં આવતા કામ ચાલુ કરવાના આદેશમાં દર્શાવેલ માં આવેલ સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવાનું રહેશે અન્યથા કરારખતની જોગવાઈ મુજબ તે કામના સ્થળની કામની જે અંદાજીત કિંમત થશે તે પ્રમાણે વિલંબ વળતર નિયમોનુસાર વસુલ કરવામાં આવશે.

(૪) શીડયુલ – બી માં દર્શાવેલ દરેક આઈટમો હંગામી ધોરણે લેવામાં આવી છે જે પી.આઈ.યુ તેની જરૂરીયાત પ્રમાણેના જથ્થામાં ઉપયોગમાં લેશે. ઉપયોગમાં ન લેવાયેલ અથવા ઓછા / વત્ત્યા ઉપયોગમાં લેવાયેલ આઈટમો માટે કોઈ ભાવ વધારો અથવા હકક દાવો મંજૂર રાખવામાં આવશે નહી તેમજ પી.આઇ.યુ.ના ધારાધોરણ મુજબ ચુકવણુ કરવામાં આવશે.

(૫) ઉપરોકત દર્શાવેલ જીલ્લામાં કે શહેરમાં એક કરતાં વધારે અલગ–અલગ સ્થળોએ એક સાથે કામ કરવાનું થાય તો તે બધાજ કામો આપેલ સમય મર્યાદામાંજ પૂર્ણ કરવાના રહેશે. આ માટે જરૂરી સ્ટાફ, સાધન સામગ્રી પુરતા પ્રમાણમાં હોવા જરૂરી છે.

(૬) ઉપરોકત દર્શાવેલ જીલ્લા માં કે શહેરમાં અલગ–અલગ સ્થળોએ વાયરીંગ માટે સામાન પૂરો પાડી ફીટ કરવાનો રહેશે. આ માટે કોઈપણ વધારાનો ટ્રાન્પોર્ટેશન કે અન્ય ચાર્જ જેવાકે જકાત, વેચાણવેરો સર્વીસટેક્સ વગેરે આપવામાં આવશે નહી. વધુમાં એક પણ જીલ્લાંમાં કામ ન થાય તે માટે કોઈ જ હકક દાવો માન્ય રાખવામાં આવશે નહી.

(૭) વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ હેઠળના તમામ કામો આઈ. એસ. આઈ. સ્પેશીફીકેશન મુજબના તથા પી.આઇ.યુ. માન્ય માલ-સામાન વાપરીને જ કરવાના રહેશે.

(૮) આ વાર્ષિક રેઈટ કોન્ટ્રકટ હેઠળના કોઈપણ કામ માટે એડવાન્સમાં કોઈજ ચુકવણું કરવામાં આવશે નહી.

(૯) વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ કોઈપણ સમયે રદ બાતલ કરવાનો હકક પી.આઈ.યુ પાસે અબાધિત રાખવામાં આવે છે.

(૧૦) વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ માટે સિકયોરીટી ડીપોઝીટ પેટે રૂા.ર. ૫૦, ૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પૂરા) ની રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર. રૂપે જમા કરાવવાના રહેશે. કરાર હેઠળ દરેક કામના 2.5% પ્રમાણે સીકયોરીટીની રકમ બીલમાંથી કપાત કરવામાં આવશે. જે કામગીરી પુર્ણ થયા ના એક વર્ષ બાદ છુટી કરવામાં આવશે.

Scanned by CamScanner

(૧૧) દરેક કામ પૂર્ણ થયા બાદ કામ સંતોષકારક રીતે પૂર્ણ થયેલ છે તે બાબતનું પ્રમાણપત્ર સંબંધિત ખાતા તરફથી મેળવી પી.આઈ.યુ માં રજૂ કરવાનું રહેશે.

(૧૨) કચેરીના તથા સંબંધિત અધિકારીના રોજ-બરોજના સંપર્ક માટે એજન્સી પાસે મોબાઈલ ફોન હોવો ફરજીયાત છે, તથા એજન્સીએ પી.આઈ.યુ ના અધિકારીના સતત સંપર્કમાં રહેવાનું રહેશે.

(૧૩) ઉપરોક્ત દર્શાવેલ જીલ્લા માં કે શહેરમાં કોઈપણ સ્થળે કામ કરવા માટે આપેલ ભાવો અને ટેન્ડર મંજુર થયેલ ભાવે કામ કરવાનું રહેશે.જેમાં કોઈપણ જાતનો ભાવ વધારો આપવામાં આવશે નહી.

(૧૪) ફાઈનલ બીલ વખતે જો મકાનોની સોંપણી થઈ શકેલ ન હોય તો હેન્ડીગ ઓવર ડીપોઝીટ પેટે કામના કિંમતના ૧૦ % રકમ અનામત તરીકે રાખવામાં આવશે, જે હેન્ડીગ ઓવર થયા બાદ જ છુટી કરવામાં આવશે અને તે દરમ્યાન દરેક આઈટમો સાચવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૫) વાયરીંગને લગતા સ્પેશીયલ રીપેરીંગના કામોમાં જુની કાઢી નાખવા લાયક આઇટમો એજન્સીએ કાઢીને લઈ જવાની રહેશે અને તેના પેટે તેજ આઈટમના કરારખતના ભાવ મુજબ થતી રકમ એજન્સીના બીલમાંથી કાપવામાં આવશે. જુની આઈટમો / વાયરીંગ કાઢવા માટે કરારખત મુજબ ચુકવણુ કરવામાં આવશે. જો જૂની આઈટમો સ્થાનિક મેડીકલ / સંબંધ્ધીત અધિકારીશ્રી ધ્વારા લઈ જવા દેવામાં ન આવે તો સક્ષમ અધિકારીશ્રીનું સદર બાબતનું પ્રમાણપત્ર ફાઈનલ બીલની સાથે જ રજૂ કરવાનું રહેશે.

(૧૬) ખાસ મરામત તથા મરામત હેઠળ નીકળેલો જુનો બિનઉપયોગી માલસામાન જો ઠેકેદારશ્રી ને આપવામાં આવશે તો તેના માટે નીચે મુજબની ડિસમેન્ટલ વેલ્યુ બિલ માંથી વસુલ કરવામાં આવશે.

| Sr. No. | Subject Name | % of SOR Item's Rate / Unit |
|---|---|---|
| 1 | Wiring | 4 % |
| 2 | Lamps & Fitting | |
| | Aluminum Choke or Electronic Choke Fitting | 4 % |
| | Copper choke fitting | 6.5 % |
| 3 | Switch Gear & D.B. | 5 % |
| 4 | Cables & Wires | |
| | Aluminum | 6.5 % |
| | Copper | 9 % |
| 5 | Fans | 9 % |
| 6 | Street Lights | Rs. 20 per Kg. |
| 7 | AC machines (Window / Split) | 9 % |
| 8 | Water cooler | 9 % |
| 9 | Water heater | 9 % |
| 10 | Motor Pump | 9 % |
| 11 | Substation Equipment | 10 % |

(૧૬) દરેક કામના રનીગ બિલ તેમજ ફાઇનલ બિલ માંથી સરકારશ્રી ના નિયમાનુંસાર લેબર સેસ ટેક્સ તેમજ અન્ય ચાર્જીસ કાપવામાં આવશે.

(૧૭) અન્ય શરતો ટેન્ડર ડોકયુમેન્ટ મુજબ યથાવત રહેશે.

એજન્સીનો સહી અને સીક્કો

કાર્યપાલક ઇજનેરશ્રી (વિદ્યુત)
પ્રોજેક્ટ ઇમ્પલીમેંટેશન યુનીટ
ગાંધીનગર